# 16 સ્થાનિક સરકાર

આપણી સરકાર, સરકારના પ્રકાર અને સરકારના સ્તર વિશે જાણો છો. હવે આપણે આપણા વિસ્તારની સ્થાનિક સરકાર વિશે અભ્યાસ કરીએ. વિદ્યાર્થીમિત્રો, અહીં આપને નીચે એક ફકરો આપેલ છે. જેમાં તમારા વિસ્તાર પ્રમાણે જે બાબત લાગુ ન પડતી હોય તેના પર લીટી દોરીને તે મુજબ આપેલ ખાલી જગ્યામાં સાચી વિગત લખો.

હું ............................ ગામ/શહેરમાં રહું છું. મારા ગામ/શહેરમાં ગ્રામપંચાયત/નગરપાલિકા/મહાનગરપાલિકા આવેલી છે. જેના વડા સરપંચ/પ્રમુખ/મેયરનું નામ ........................................................................... છે.

તમે આ વિગતો ભરી તેના પરથી ખ્યાલ આવી ગયો કે, તમે કોઈ ગામ/શહેરમાં રહો છો. તમે તમારા વિસ્તારના સ્થાનિક વહીવટીતંત્રથી માહિતગાર છો. સ્થાનિક વહીવટીતંત્ર કેવી રીતે કાર્ય કરે છે તેના વિશે વિશેષ અભ્યાસ કરીએ.

**સ્થાનિક સરકાર (પંચાયતીરાજ)**

- ગ્રામીણ પ્રશાસન
  - ગા મ
  - તાલુકા
  - જિલ્લા
- શહેરી પ્રશાસન
  - નગરપાલિકા
  - મહાનગરપાલિકા


## પંચાયતીરાજ

આપણે પંચાયતીરાજનું ત્રણ સ્તરનું માળખું સ્વીકારેલ છે :

(1) ગ્રામ કક્ષાએ ગ્રામપંચાયત

(2) તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત

(3) જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત




16.1 સ્થાનિક સરકાર

સ્થાનિક કક્ષાએ લોકો મત આપીને પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે અને તેમના દ્વારા જ વહીવટ થાય તેને સ્થાનિક સ્વરાજ્ય કહે છે. આ સંસ્થા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કહેવામાં આવે છે. ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે. નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે.

**જાણવા જેવું**

- ભારતમાં પંચાયતીરાજની શરૂઆત રાજસ્થાનના નાગોર જિલ્લાના બગાદરા ગામથી 2 ઑક્ટોબર, 1959થી થઈ. ગુજરાતમાં 1 એપ્રિલ, 1963થી પંચાયતીરાજનો અમલ શરૂ થયો.

વિદ્યાર્થીમિત્રો, આ ચિત્ર 16.2માં તમે જોઈ શકો છો કે, ગ્રામપંચાયતના પાયા પર આપણી બધી જ સરકારો ટકેલી છે. ગ્રામપંચાયતથી ઉપર તાલુકા પંચાયત અને તેનાથી ઉપર જિલ્લા પંચાયત આવેલ છે. ત્યાર પછી રાજ્યની સરકાર જે રાજ્યનો વહીવટ સંભાળે છે. ગુજરાત રાજ્યનો વહીવટ ગુજરાત સરકાર સંભાળે છે. આપણા દેશનો વહીવટ કેન્દ્ર સરકાર ચલાવે છે. આમ, આ બધાના મૂળમાં તો ગ્રામપંચાયત જ છે. પંચાયતીરાજ્યમાં સૌથી મહત્ત્વનું એકમ ગ્રામપંચાયત છે.




**16.2 સરકારનું વિકાસ માળખું**

## ગ્રામીણ પ્રશાસન

### ગ્રામપંચાયત :

**રચના :** સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં સૌથી પાયાનું એકમ ગ્રામપંચાયત છે. 500 થી 25,000 સુધીની વસ્તી ધરાવતાં ગામમાં ગ્રામપંચાયતની રચના કરવામાં આવે છે. ગ્રામપંચાયતમાં ઓછામાં ઓછા 8 અને વસ્તીના આધારે વધુમાં વધુ 16 ચૂંટાયેલા સભ્યો હોય છે. ગ્રામપંચાયતના વડાને સરપંચ કહે છે. દર પાંચ વર્ષે ગ્રામપંચાયતના સભ્યો અને સરપંચની ચૂંટણી થાય છે. ગામના મતદારો પ્રત્યક્ષ રીતે મત આપીને સરપંચને ચૂંટે છે. વોર્ડના સભ્યને જે તે વોર્ડના મતદારો ચૂંટે છે. ગ્રામપંચાયતની ચૂંટણી કોઈ પણ રાજકીય પક્ષ દ્વારા કે કોઈ રાજકીય પક્ષના પ્રતીક પર લડાતી નથી.

**વહીવટ :**

ગ્રામપંચાયતના સરપંચ અને સભ્યો મળીને ગામના વિકાસનાં કામો અંગે ઠરાવો કરીને ગામના વિકાસનાં કામો નક્કી કરે છે. સરકાર તરફથી તલાટી-કમ-મંત્રીની નિમણૂક કરવામાં આવે છે. તે વહીવટી કાર્ય સંભાળે છે. કરવેરાની વસૂલાત કરે છે. ગ્રામપંચાયતના અહેવાલ, પત્રકો અને અંદાજપત્ર તૈયાર કરી તેના હિસાબો રાખવાનું કામ કરે છે. ગ્રામપંચાયતના કાર્યાલયને 'ગ્રામ સચિવાલય' પણ કહેવામાં આવે છે.



**16.3 ગ્રામપંચાયત**

### ગ્રામપંચાયતની આવકનાં સાધનો :

- પાણીવેરો, સફાઈવેરો, મિલકતવેરો, દુકાનવેરો
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી મળતું અનુદાન

### કાર્યો

- ઘર નંબર આપવા.
- ઘરવપરાશ અને પીવાના પાણીની વ્યવસ્થા
- ગામના રોડ-રસ્તા બનાવવા
- ગામના રસ્તાની સફાઈ અને ગંદા પાણીનો નિકાલ
- જાહેર મિલકતની જાળવણી
- ગામમાં આરોગ્યવિષયક જાળવણી
- ગામમાં દીવાબત્તી (લાઇટ)ની વ્યવસ્થા
- ગામમાં પ્રાથમિક શિક્ષણ સહિત શિક્ષણ-સુવિધા, જાગૃતિ અને ફેલાવો
- ગ્રામવિકાસનું આયોજન
- ગામનાં ખેતરોના પાકની સંભાળ અને ગૌચરની જાળવણી
- જમીન દફતરની જાળવણી
- જન્મ-મરણનું રજિસ્ટર નિભાવવું.

### ગ્રામસભા

સામાન્ય ભાષામાં કહીએ તો ગ્રામસભા એટલે ગામના લોકોને ભેગા કરવા. ગ્રામસભા એ ગામની ધારાસભા જેવી છે. ગામમાં રહેતા પુખ્ત વયના બધા જ સભ્યો ગ્રામસભાના સભ્ય ગણાય છે. તેને ગ્રામસભામાં હાજર રહેવાનો, મત આપવાનો કે કોઈ પણ દરખાસ્ત કરવાનો અધિકાર છે.

ગ્રામપંચાયતે વર્ષમાં ઓછામાં ઓછું બે વખત ગ્રામસભાનું આયોજન કરવું ફરજિયાત છે. ગ્રામસભાના અધ્યક્ષ સરપંચ હોય છે. અગાઉથી જાણ કરીને ગ્રામસભાની બેઠક બોલાવવામાં આવે છે. જેમાં તાલુકા અને



**16.4 ગ્રામસભા**

જિલ્લા કક્ષાએથી અધિકારીઓ હાજર રહે છે તેમજ ગામમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ પણ હાજર રહે છે.

ગ્રામપંચાયતે કરવાના વિકાસનાં કામોનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવે છે. ગામના પ્રશ્નો જેવા કે ગામના રસ્તાઓ, પીવાના પાણીની સમસ્યા, ગ્રામસફાઈ, લાઇટની સુવિધા, શિક્ષણ અને આરોગ્યની સુવિધા વગેરેની ચર્ચા થાય છે.

ગ્રામસભાના દરેક સભ્યે જાગ્રત રહીને ગ્રામસભામાં અવશ્ય હાજરી આપવી જોઈએ. ગામના પ્રશ્નો અને વિકાસનાં કામોની ચર્ચા થવી જોઈએ તો જ ગામને પારદર્શક વહીવટ મળશે અને ગ્રામસભાનો ઉદ્દેશ સફળ થશે.

**પ્રવૃત્તિ**

સરપંચ અને તલાટી-કમ-મંત્રીની મુલાકાત લો અને નીચે મુજબની માહિતી એકઠી કરો :

- તમારા ગામની વસ્તી અને ગામનાં સ્ત્રી-પુરુષ મતદારોની સંખ્યા
- તમારા ગામમાં કુલ કેટલા વૉર્ડ છે ? કેટલા સભ્યો છે ? મહિલા સભ્યોની યાદી બનાવો.
- તમારા ગામની ગ્રામપંચાયત દ્વારા કરેલા વિકાસનાં કાર્યોની યાદી તૈયાર કરો.

**જાણવા જેવું**

**સમરસ ગ્રામપંચાયત**

ગ્રામપંચાયતની રચના ચૂંટણી વિના સર્વસંમતિથી વિના વિરોધે થાય તેવી ગ્રામપંચાયતને સમરસ ગ્રામપંચાયત કહે છે. ગામમાં સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતા જળવાઈ રહે તે રીતે સ્થાનિક પ્રજા વિકાસમાં ભાગ લે તે હેતુથી ગુજરાત રાજ્યમાં ઑક્ટોબર, 2001માં પંચાયત ગ્રામ, ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી.

ગ્રામપંચાયતની ચૂંટણી બિનહરીફ થાય તો સરકાર દ્વારા ગામના વિકાસ માટે ખાસ અનુદાન ફાળવવામાં આવે છે. આ અનુદાનનો ઉપયોગ ગ્રામસભા નક્કી કરે તે મુજબના વિકાસનાં કામો માટે કરવામાં આવે છે. જો ગ્રામપંચાયત મહિલા સમરસ બને એટલે કે સરપંચ સહિત તમામ સભ્યો મહિલાઓ બિનહરીફ ચૂંટાય તો ખાસ અનુદાન ફાળવવામાં આવે છે. પ્રથમ વખત, બીજી વખત, ત્રીજી વખત અને સતત ચોથી વખત સમરસ ગ્રામપંચાયત થાય તો વિકાસનાં કામો માટે વિશેષ અનુદાન સરકાર ફાળવે છે. સરકાર દ્વારા ગ્રામપંચાયતની ચૂંટણીઓના કારણે ગામમાં મનદુઃખ ન થાય, વેરઝેર ન સર્જાય તે માટે આ યોજના જાહેર કરેલ છે.

## તાલુકા પંચાયત

સ્થાનિક સરકારમાં ગ્રામપંચાયત પછીનું બીજું સ્તર તાલુકા પંચાયત છે.

**રચના :** તાલુકા પંચાયતની બેઠકો તાલુકાની વસ્તી પ્રમાણે નક્કી થાય છે. તાલુકા પંચાયતમાં ઓછામાં ઓછા 16 અને વધુમાં વધુ 32 સભ્યો ચૂંટાયેલા હોય છે. જેમાં મહિલાઓ માટે 50 % બેઠકો અનામત રાખવામાં આવે છે. આ બેઠકના મતદારો તાલુકા પંચાયતના સભ્યોને ચૂંટે છે. આ ચૂંટાયેલા સભ્યોમાંથી બહુમતીથી તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થાય છે. તેમજ આ ચૂંટાયેલા સભ્યોમાંથી જ કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ વગેરે સમિતિઓની રચના કરવામાં આવે છે.

**વહીવટ :** તાલુકા પંચાયતના વહીવટી વડાને તાલુકા વિકાસ અધિકારી (T.D.O. - Taluka Development Officer) કહે છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. તે તાલુકા પંચાયતના ઠરાવોનો અમલ કરાવે છે. તાલુકા પંચાયતના તમામ કર્મચારીઓ પર દેખરેખ રાખે છે. તાલુકા પંચાયતનું વાર્ષિક અંદાજપત્ર (Budget) પણ તેઓ તૈયાર કરે છે.

**કાર્યો :**

- તાલુકામાં સ્વાસ્થ્ય અને આરોગ્યવિષયક સેવાઓ પૂરી પાડવી.
- રોગચાળા નિયંત્રણની કામગીરી કરવી.
- ગ્રામ્ય માર્ગો બનાવવા તથા જાળવણી કરવી.
- પ્રાથમિક શાળાઓની સ્થાપના અને સંચાલન કરવું.
- તાલુકા કક્ષાએ ખેતીવાડી સુધારણા અને આયોજન કરવું.
- સ્ત્રી કલ્યાણ, યુવક પ્રવૃત્તિઓ, સામાજિક વિકાસ અને સહાય પૂરી પાડવી.
- પૂર, આગ, અકસ્માત વગેરે આકસ્મિક સંજોગોમાં મદદ

**જાણવા જેવું**

**તીર્થગ્રામ યોજના -**

ગુજરાતમાં તીર્થગ્રામ યોજનાની શરૂઆત 21 જુલાઈ, 2014થી અમલમાં આવી. આ યોજનામાં પસંદ થયેલ ગામને અનુદાન રાજ્ય સરકાર ફાળવે છે. જે માટે...

- છેલ્લાં પાંચ વર્ષમાં ગામમાં કોઈ પણ પ્રકારનો ગુનો નોંધાયેલ ન હોવો જોઈએ.
- માદક કે કેફી દ્રવ્યોનું ઉત્પાદન, વેચાણ કે સેવન થતું ન હોવું જોઈએ.
- ગામમાં સ્વચ્છતા જળવાવી જોઈએ.
- કન્યા-કેળવણીનો ઊંચો દર અને અપવ્યયનો નીચો દર હોવો જોઈએ.
- આ ઉપરાંત અન્ય માપદંડોના આધારે તીર્થગામ પસંદ કરવામાં આવે છે. જેનો ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદ્‌ભાવના વધે, એકતા જળવાય અને ભાઈચારાની ભાવના વધે.

**પાવનગ્રામ યોજના -**

તીર્થગ્રામ યોજનાની જેમ જ છેલ્લાં ત્રણ વર્ષમાં ગામમાં કોઈ ગુનો નોંધાયેલ ન હોય તેવા ગામને પાવન ગામ તરીકે પસંદ કરીને ₹ એક લાખ સુધીનું અનુદાન સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. શું તમારું ગામ પણ આ યોજનામાં પસંદ થાય તો તમને ગમે ? અને એ માટે ગામલોકોએ શું કરવું પડે ?

**પ્રવૃત્તિ**

- તમારા તાલુકાની તાલુકા પંચાયત કચેરીની મુલાકાત લેવી.
- તમારા તાલુકાના તાલુકા પંચાયતના પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારી (T.D.O.)નાં નામ લખો.
- તમારા વિસ્તારના તાલુકા પંચાયતના સભ્ય સાથે તાલુકા પંચાયતની રચના અને કામગીરી અંગે ચર્ચા કરો.

## જિલ્લા પંચાયત

સ્થાનિક સરકારનું ત્રીજું સ્તર જિલ્લા પંચાયત છે. ત્રિ-સ્તરીય પંચાયતીરાજમાં સૌથી ઉપરનું સ્તર છે.

**રચના :** જિલ્લા પંચાયતની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 32 અને વધુમાં વધુ 52 હોય છે. જિલ્લાની વસ્તીના આધારે જિલ્લા પંચાયતની બેઠક નક્કી થાય છે. જેમાં 50 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. જે-તે બેઠક વિસ્તારના મતદારો પોતાના સભ્યને ચૂંટે છે. આ ચૂંટાયેલા સભ્યો બહુમતીથી પ્રમુખ અને ઉપપ્રમુખને ચૂંટે છે. તેમજ આ ચૂંટાયેલા સભ્યોમાંથી કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, શિક્ષણ સમિતિ, બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિ વગેરે સમિતિઓની રચના કરવામાં આવે છે. જિલ્લા પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે.

**વહીવટ :** જિલ્લા પંચાયતના વહીવટી વડાને જિલ્લા વિકાસ અધિકારી (D.D.O. - District Development Officer) કહે છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. રાજ્ય સરકારની યોજનાઓનું સંકલન અને અમલ જિલ્લા પંચાયત કરે છે.

**કાર્યો :**

- જિલ્લા પંચાયત, ગ્રામપંચાયત અને તાલુકા પંચાયતની પ્રવૃત્તિઓનું નિયંત્રણ અને સહાયનું કાર્ય કરે છે.
- રાજ્ય સરકારની મહેસૂલ, શિક્ષણ, સહકાર, સિંચાઈ, પશુ સંવર્ધન, કૃષિ વગેરે પ્રવૃત્તિઓનું જિલ્લા કક્ષાએ સંચાલન અને નિયંત્રણ કરે છે.

જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર વગેરે અધિકારીઓ જિલ્લા પંચાયતના કાર્યો સંભાળે છે.

**પ્રવૃત્તિ**

- તમારા જિલ્લાની જિલ્લા પંચાયત કચેરીની મુલાકાત લેવી.
- તમારા જિલ્લાના જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી (D.D.O.)નાં નામ લખો.
- તમારા વિસ્તારના જિલ્લા પંચાયતના સભ્યનું નામ લખો.

## સામાજિક ન્યાય સમિતિ



**16.5 સામાજિક ન્યાય સમિતિ**

સમાજના નબળા વર્ગોને શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક-આર્થિક સગવડ મળી રહે તેવી યોજનાઓ ઘડવી અને તેનો અમલ કરવાનું કામ સામાજિક ન્યાય સમિતિનું છે. ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કક્ષાએ આ સમિતિ પાંચ સભ્યોની બનેલી હોય છે. પંચાયતીરાજમાં ત્રણેય સ્તરોએ સામાજિક ન્યાય સમિતિની રચના કરવી ફરજિયાત છે. આ સમિતિનું કાર્ય નબળા વર્ગોને ન્યાય આપવાનું છે.

## શહેરી પ્રશાસન

આપણા દેશનાં એક લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં નગરપાલિકા તથા પાંચ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં મહાનગરપાલિકા એ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. વસ્તીના આધારે આ વિસ્તારો નક્કી કરવામાં આવે છે. જેમાં સામાન્ય રીતે દર પાંચ વર્ષે ચૂંટણીઓ કરવામાં આવે છે. શહેરના મતાધિકાર ધરાવતાં તમામ મતદારો ચૂંટણીમાં ભાગ લઈ શકે છે.

## નગરપાલિકા

સામાન્ય રીતે પચીસ હજારથી વધુ વસ્તીવાળાં શહેરોમાં નગરપાલિકા હોય છે. નગરપાલિકાની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી 28 હોય છે.

**રચના :** નગરપાલિકા વિસ્તારને વસ્તીના આધારે વિવિધ વોર્ડમાં વહેંચવામાં આવે છે. એક વોર્ડમાં 4 સભ્યો હોય છે. જેમાંથી 50 % મહિલા અનામત સભ્યો હોય છે. જેમાંથી ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ, ઉપપ્રમુખની વરણી કરવામાં આવે છે. પ્રમુખ એ ચૂંટાયેલા વડા છે. તેમનો કાર્યકાળ અઢી વર્ષનો હોય છે. તેઓ નગરપાલિકાનું અધ્યક્ષ પદ સંભાળે છે.

**વહીવટ :** ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ બનાવવામાં આવે છે. જેમાં કારોબારી સમિતિ, નાણા સમિતિ, આરોગ્ય અને સફાઈ સમિતિ, બાંધકામ સમિતિ વગેરે ઉપરાંત જરૂર મુજબની અન્ય સમિતિઓ રચવામાં આવે છે. નગરપાલિકાના વહીવટી વડા ચીફ ઑફિસર ગણાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.

**કાર્યો :** નગરપાલિકા દ્વારા નગરજનોની સુવિધા માટે નીચે મુજબનાં કાર્યો હાથ ધરવામાં આવે છે :

- પાણીપુરવઠાની વ્યવસ્થા
- રસ્તા, ગંદા પાણીનો નિકાલ, સફાઈની વ્યવસ્થા
- જન્મ-મરણ અને લગ્નની નોંધણીની કામગીરી
- નગર-નિયોજન અને શિક્ષણની વ્યવસ્થા
- અગ્નિશમન, અખાદ્ય-પદાર્થોના વેચાણ સામે કાર્યવાહી
- બગીચા, પુસ્તકાલયો વગેરે સુવિધાઓ આપવાનું
- સાંસ્કૃતિક ભવનો કે સભાગૃહનું નિર્માણ અને સારસંભાળ

**પ્રવૃત્તિ**

- શહેરી વિસ્તારમાં આવેલી નગરપાલિકાની કચેરીની મુલાકાત લો.
- નગરપાલિકાના પ્રમુખે કઈ કામગીરી કરવાની હોય તેની માહિતી મેળવો.
- તમે નગરપાલિકા વિસ્તારમાં રહેતા હોય તો તમારા વોર્ડના સભ્યોનાં નામ લખો.

## મહાનગરપાલિકા

મહાનગરપાલિકામાં સભ્યસંખ્યા વસ્તીના આધારે નક્કી કરવામાં આવે છે. મહાનગરપાલિકાના સભ્યને કૉર્પોરેટર (કાઉન્સિલર) તરીકે ઓળખવામાં આવે છે. મહાનગરપાલિકાના વડાને મેયર કહેવામાં આવે છે. ગુજરાતમાં આઠ મહાનગરપાલિકાઓ છે.

**રચના :** મહાનગરપાલિકાને વિવિધ વોર્ડમાં વહેંચવામાં આવે છે. 75,000ની વસ્તીએ એક વોર્ડ બનાવવામાં આવે છે. જેમાં 4 સભ્યો હોય છે, તેમાંથી 50 % મહિલા અનામત સભ્યો હોય છે. શહેરના મતાધિકાર ધરાવતાં તમામ મતદારો ચૂંટણીમાં મતદાન કરી શકે છે અને પોતાના વિસ્તારના કૉર્પોરેટરને ચૂંટે છે. વિવિધ વોર્ડમાંથી ચૂંટાયેલા સભ્યો બહુમતીથી પોતાનામાંથી મેયર ચૂંટી કાઢે છે. મેયર પોતાના હોદ્દા પર અઢી વર્ષ માટે રહે છે.

**વહીવટ :** ચૂંટાયેલા સભ્યોમાંથી વિવિધ સમિતિઓ બનાવવામાં આવે છે. જેમાં કારોબારી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) સૌથી વધારે મહત્ત્વની છે. મહાનગરપાલિકાના વહીવટી વડા મ્યુનિસિપલ કમિશનર ગણાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.

**કાર્યો :** શહેરી વિસ્તારમાં વસ્તી વધારે હોય છે. આથી નાગરિકોની સુખાકારી અને શહેરના વિકાસ માટે વધુ જવાબદારીપૂર્વક કામગીરી કરવાની હોય છે.

- જાહેર સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી
- પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા અને વિતરણ
- ગટર-વ્યવસ્થા, સાફસફાઈ અને ગંદા કચરાનો નિકાલ
- રસ્તાઓ બનાવવા અને જાળવણી કરવી
- રસ્તા પર લાઇટની વ્યવસ્થા કરવી
- પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા
- પુસ્તકાલય, ક્રીડાંગણો અને બાગબગીચા બનાવવા
- ખાદ્યસામગ્રીમાં થતી ભેળસેળ અટકાવવી
- જન્મ-મરણ અને લગ્નની નોંધણી કરવી.

**પ્રવૃત્તિ**

- ગુજરાત રાજ્યમાં આવેલ મહાનગરપાલિકાઓની યાદી તૈયાર કરો.
- તમારા વિસ્તારની કે નજીકની મહાનગરપાલિકાની વેબસાઇટની મુલાકાત લો. તેમાં નાગરિકોની સુવિધા માટે કઈ-કઈ કામગીરી ઑન-લાઇન થાય છે તેની માહિતી મેળવો.

## કલેક્ટર

કલેક્ટર જિલ્લાના વહીવટી વડા છે. તેઓ કલેક્ટર ઉપરાંત જિલ્લા ન્યાયાધીશ (District Magistrate) અને જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેની કામગીરી પણ કરે છે. ઉમેદવારની પસંદગી કેન્દ્રીય જાહેર સેવા આયોગ (U.P.S.C. -Union Public Service Commission) દ્વારા ને બઢતીથી થાય છે. તેમને રાજ્ય સરકાર નિમણૂક આપે છે. તેઓ

જિલ્લામાં વહીવટી વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરે છે. જિલ્લામાં જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓની અછત ન સર્જાય તે નિશ્ચિત કરવાનું કાર્ય કલેક્ટરનું હોય છે. કલેક્ટર સમગ્ર જિલ્લાના વડા ગણાય છે.

**પંચાયતીરાજમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા મહત્ત્વની છે.**

- જિલ્લા સ્તરે તમામ વિભાગોનાં કામોનું સંકલન અને સંચાલન કરે છે.
- સમગ્ર જિલ્લાના વિકાસ માટે બનેલી જિલ્લા આયોજન સમિતિના સચિવ કલેક્ટર હોય છે.
- તેઓ ગ્રામપંચાયતની સભ્ય સંખ્યા નક્કી કરે છે. ગ્રામપંચાયતમાં અનામત બેઠકોની ફાળવણી કરે છે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો તથા મહિલાઓ માટે સરપંચનો હોદ્દો અનામત રાખવાનો નિર્ણય કરે છે.

**શિક્ષક-પ્રવૃત્તિ**

- કેન્દ્રીય જાહેર સેવા આયોગ (U.P.S.C.) દ્વારા લેવાતી પરીક્ષા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું. IAS, IPS, IFS અંગે માહિતી આપવી. જિલ્લા કક્ષાએ ફરજ બજાવતા આઈ.એ.એસ. કક્ષાના અને આઈ.પી.એસ. કક્ષાના અધિકારીઓનાં નામ જણાવવા. રાજ્ય સેવા આયોગ (G.P.S.C.) દ્વારા લેવાતી જાહેર પરીક્ષા અંગે માહિતી આપવી.

### મામલતદાર

મામલતદાર એ તાલુકા કક્ષાના વહીવટી અધિકારી છે. તેઓની પસંદગી રાજ્ય જાહેર સેવા આયોગ (ગુજરાતમાં જી.પી.એસ.સી.) દ્વારા લેવાતી પરીક્ષા દ્વારા અને બઢતીથી થાય છે. મામલતદાર સરેરાશ 50 કે તેથી વધુ ગામોના સમૂહના બનેલા તાલુકાના મહેસૂલી વડા છે. તાલુકા ન્યાયાધીશ (Executive Magistrate) તરીકે કાયદા-વ્યવસ્થાની સ્થિતિ માટે કલેક્ટરને સીધી રીતે જવાબદાર છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાર યાદી તૈયાર કરાવવી, ચૂંટણીઓ યોજવી, વિવિધ પ્રકારના દાખલા અને પ્રમાણપત્રો આપવા, મધ્યાહ્‌ન ભોજન યોજનાનું સંચાલન તથા નિયંત્રણનું કાર્ય, કુદરતી આપત્તિઓ સમયે રાહત-બચાવની કામગીરી વગેરે કાર્યો કરે છે.

### લોકઅદાલત

ગરીબ અને સામાજિક રીતે પછાત વર્ગના લોકો, કુદરતી આપત્તિનો ભોગ બનનાર વ્યક્તિ, ઓછી આવક ધરાવનાર વ્યક્તિ કોઈ પણ કારણોથી ન્યાય મેળવવામાં વંચિત ન રહે તે માટે લોકઅદાલતો સ્થાપવામાં આવે છે. બંને પક્ષો સંમત હોય તેમને લોકઅદાલતમાં બોલાવવામાં આવે છે. લોકઅદાલત એ તકરાર નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ છે. 'કોઈની ન હાર કોઈની ન જીત' એ રીતે લાંબા સમયથી મુદતો પડતી હોય એવા કેસોનો નિકાલ થાય છે. તેમાં કેસ મૂકવા માટે પક્ષકારોને કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી. કોર્ટ કચેરીમાં લાંબા સમયથી પડતર રહેલા કેસોનો બંને પક્ષોને સંતોષકારક અને સમાધાનકારી રીતે ન્યાય મળે છે. વારંવાર મુદતે-મુદતે ધક્કા ખાતા પક્ષકારો, સાક્ષીઓ વગેરેને પડતી મુશ્કેલીઓમાંથી લોકઅદાલત મુક્ત કરે છે.

સમાધાન-સમજૂતી શક્ય ન બને તો લોકઅદાલત દ્વારા કેસો હાથ પર લઈને નિર્ણય આપે છે જે તમામ પક્ષકારોને માન્ય રહે છે. લોકઅદાલતનો હુકમ અંતિમ રહે છે. લોકઅદાલતથી વિવાદનો અંત આવે છે. બંને પક્ષોને

ન્યાય મળે છે અને પરસ્પર ઝઘડતા માણસો વચ્ચે સમાધાન થાય છે. નાણાં અને સમયનો બચાવ થાય છે. ગુજરાત કાનૂનીસેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં કાયમી લોકઅદાલતની સ્થાપના કરવામાં આવેલ છે. કાયમી લોકઅદાલતમાં કેસ દાખલ કરવા માટે અથવા કોઈ કાર્યવાહી કરવા માટે કોર્ટ ફી ભરવાની રહેતી નથી.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) આપણે પંચાયતીરાજ્યનું ......... સ્તરનું માળખું સ્વીકારેલ છે.

(2) ગ્રામપંચાયતનો વહીવટ કરવા સરકાર તરફથી ......... ની નિમણૂક કરવામાં આવે છે.

(3) તાલુકાના વહીવટી વડાને ......... કહે છે.

(4) સ્થાનિક સરકારનું ત્રીજું સ્તર ......... પંચાયત છે.

(5) ગ્રામપંચાયત વિસ્તારમાં વર્ષમાં ઓછામાં ઓછું ......... વખત ગ્રામસભાનું આયોજન કરવું ફરજિયાત છે.

**2. ટૂંકમાં ઉત્તર લખો :**

(1) મામલતદાર કઈ કક્ષાના વહીવટી અધિકારી છે ?

(2) જિલ્લાના વહીવટી વડા કોણ હોય છે ?

(3) મહાનગરપાલિકાના વહીવટી વડા કોને ગણવામાં આવે છે ?

(4) મહાનગરપાલિકામાં કેટલા ટકા મહિલા અનામત સભ્યો હોય છે.

(5) મેયર પોતાના હોદ્દા પર કેટલી મુદ્દત માટે રહી શકે છે ?

**3. ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ગ્રામપંચાયતનાં કાર્યો જણાવો.

(2) સ્થાનિક સરકાર એટલે શું ? સમજાવો.

(3) તલાટી કમ-મંત્રી કયાં-કયાં કાર્યો કરે છે ?

**4. ટૂંક નોંધ લખો :**

(1) મહાનગરપાલિકાનાં કાર્યો વિગતે લખો.

(2) સામાજિક ન્યાય સમિતિ

(3) પંચાયતીરાજમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા